* A A B - 0 1 1 - 0 0 1 6 0 4 *

# AAB-011-001604 Seat No. _______

## B. P. A. (Sem. VI) (Tabla) Examination

March / April - 2016

## History of Tabla - VI

## (Core)

**Faculty Code : 011**
**Subject Code : 001604**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** દરેક પ્રશ્ન લખવો ફરજિયાત છે.

૧ નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તરવહીમાં જ જવાબ લખો. ૨૦

(૧) ઋગ્વેદનાં સમયમાં અશ્વમેઘ યજ્ઞો જેવા અવસરોએ લોક કલ્યાણ અર્થે 'ગાથા' કોના દ્વારા કરવામાં આવતું ?

(એ) બ્રાહ્મણ (બી) ક્ષત્રિય
(સી) એ અને બી બંને (ડી) આપેલ પૈકી એકપણ નહિ

(૨) ઋગ્વેદ સમયે કયા તંતુવાદ્યનો ઉલ્લેખ જોવા મળે છે ?

(એ) કર્કરી (બી) ગર્ગર
(સી) ક્ષોણી વીણા (ડી) આપેલ તમામ

(૩) અથર્વવેદમાં સંગીતનું સ્થાન કેવું જોવા મળે છે ?

(એ) માત્ર લૌકિક પ્રસંગો પર (બી) નહિવત
(સી) રાજદરબાર પૂરતું (ડી) ગાંધર્વ લોક પૂરતું

(૪) યજુર્વેદમાં શેનું ચલન વધુ જોવા મળે છે ?

(એ) પદ્ય મંત્રો (બી) ગદ્ય મંત્રો
(સી) સંગીત (ડી) નાદ્

(૫) સામગાનનું પ્રમાણભૂત તત્વ શું છે ?

(એ) ઋચા (બી) સ્વર
(સી) મંત્ર (ડી) લય

(૬) કયુ ગાન મંદ્ર – તારતર અને તારતમ આ ત્રણેય કંઠ સ્થાનોએથી કરવું આવશ્યક છે ?

(એ) સામગાન (બી) સમૂહગાન
(સી) વીરગાન (ડી) ગુણગાન

(૭) કયો વેદ યજ્ઞ સંબંધી કર્મકાંડની સુવિધા માટે છે ?

(એ) ઋગ્વેદ (બી) અથર્વવેદ

(સી) યજુર્વેદ (ડી) સામવેદ

(૮) છાન્દોગ્ય અનુસાર સામનો સંબંધ કઈ આહુતિ સાથે છે ?

(એ) ૐ (બી) સ્વઃ

(સી) ભૂવઃ (ડી) ભૂઃ

(૯) ઉપનિષદોમાં વર્ણિત ગીતનો બર્હિરંગ કોને કહેવાય છે ?

(એ) ભૂઃ (બી) ભૂવઃ

(સી) સ્વઃ (ડી) ઋક

(૧૦) છાન્દોગ્ય મુજબ ઋચાઓનો સાર શેમાં નિહિત છે ?

(એ) સામ (બી) દામ

(સી) દંડ (ડી) ભેદ

(૧૧) ભારતીય ધાર્મિક પ્રવૃતિઓને સરળતાથી સમજવા માટે શેની રચના કરવામાં આવી છે ?

(એ) વેદ (બી) પુરાણ

(સી) ઉપનિષદો (ડી) ભાગવત

(૧૨) મંત્ર એ વસ્તુતઃ શું છે ?

(એ) ઋચા (બી) છંદ

(સી) દોહરા (ડી) શ્લોક

(૧૩) શેના વગર કલા આકર્ષક રૂપે પ્રસ્તુત થઈ શકતી નથી ?

(એ) દ્રષ્ટા (બી) શ્રોતા

(સી) કારિગીરી (ડી) કલ્પના

(૧૪) કલાનાં નિર્માણ માટે શેના પારસ સ્પર્શની આવશ્યકતા હોય છે ?

(એ) પ્રતિભા (બી) વિચાર

(સી) શ્રોતા (ડી) સમૂહ

(૧૫) સાહ ગાયનમાં શેની પુનરાવૃત્તિ પ્રાથમિક છે ?

(એ) શબ્દ–રસ (બી) શબ્દ–તાલ

(સી) શબ્દ–સ્વરો (ડી) શબ્દ–ભાવ

(૧૬) શેની સમ્મિલિત શકિત રસની અલૌકિક સૃષ્ટિ નિર્માણ કરવા સહાયક છે ?

(એ) શબ્દ (બી) સ્વર

(સી) ચેષ્ટા (ડી) આપેલ તમામ

(૧૭) સંગીતનાં સૌંદર્ય માટે રાગ, તાલ, લય, ગીત સિવાય કયું અંગ મહત્વપૂર્ણ છે ?

(એ) સૌંદર્ય જ્ઞાન (બી) શાસ્ત્રજ્ઞાન

(સી) કાકુભેદ (ડી) શ્રોતા

(૧૮) કેવા રસની પ્રાપ્તિ માટે વ્યકિતનું સહૃદય હોવું પરમ આવશ્યક છે ?

(એ) કલાજન્ય (બી) આશ્ચર્યજન્ય

(સી) શ્રૃંગારિક (ડી) બિભત્સ

(૧૯) વિબોધ – અમર્ષ – અવહિત્થ – ઉગ્રતા – મતિ – વ્યાધિ – ઉન્માદ – મરણ – ત્રાસ – વિતર્ક વગેરે કેવા પ્રકારનાં ભાવો છે ?

(એ) વ્યભિચારી ભાવ (બી) સ્થાયી ભાવ

(સી) અનુભાવ (ડી) વિભાવ

(૨૦) કોના મતાનુસાર વ્યભિચારી ભાવોમાં વિભાવ અને અનુભાવોનાં સંયોગથી રસનિષ્પત્તિ થાય છે ?

(એ) મહર્ષિ નારદ (બી) મહર્ષિ ભરત

(સી) મહર્ષિ વેદવ્યાસ (ડી) મહર્ષિ મતંગ

૨ નાદ અને લય વિશે સવિસ્તાર સમજાવો. ૧૦

૩ તબલામાં રચાતી કૃતિ સૌંદર્ય વિશે વિસ્તૃત લખો. ૧૦

૪ સૌંદર્યશાસ્ત્ર, સંગીત અને રસાનુભૂતિ વિશે વિશદ્ ચર્ચા કરો. ૧૦

૫ પંચમુખવાદ્યમ્, ત્રિપુષ્કયવાદ્યમ, દમમા, ચંગ અને દર્દુર કેવા પ્રકારનાં વાદ્યો છે તે સમજાવી તેના વિશે વિસ્તૃત લખો. ૧૦

૬ ઋગ્વેદ અને યજુર્વેદમાં સંગીતનાં સ્થાન વિશે ચર્ચા કરો. ૧૦